Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**84**

# A SOCIAL PSYCHOLOGICAL STUDY OF SOCIAL CHANGE AMONG COLLAGE STUDENTS

## " કૉલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો સમાજલક્ષી મનોવૈજ્ઞાનિક અભ્યાસ."

**Butani Daxagauri Parsotambhai**

Ph.d. Research Scholar

Bhakta Kavi Narsinh Mehta University - Junagadh.

Email: - daxabutani571@gmail.com

**–: સારાંશ :–**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદેશ્ય કૉલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધન માટે ડૉ. રમા તિવારી (આગ્રા), કુ. રોમા પાલ, કુ. રાજાની સામાજિક પરિવર્તનની સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી કૉલેજના 50 નિદર્શનો પસંદ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતીનું 't' પરીક્ષણ કરવામાં આવ્યું આવ્યું હતું. રહેઠાણના સંદર્ભમાં ગ્રામ્ય અને શહેરી કૉલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન અંગેના અભ્યાસમાં સાર્થક અસર જોવા મળે છે.

't' મૂલ્ય 4.00 જોવા મળે છે.

**પ્રસ્તાવના :–**

પરિવર્તન હંમેશા જીવંત છે. પરિવર્તનની ક્રિયા એક ક્ષણ માટે પણ વિશ્રામ કરતી નથી. મનુષ્ય બાળકના સ્વરૂપમાં જન્મ લે છે ક્રમશઃ સીશુ, કિશોર, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરતા કરતા મૃત્યુને ભેટે છે. પ્રત્યેક ક્ષણે તેનામાં પરિવર્તન થતું રહે છે. સમાજ પણ આવી જ વ્યક્તિઓનો બનેલો છે. આથી સમાજ પણ આ પરિવર્તન પ્રક્રિયાથી બચી શકતો નથી. તેનામાં અનેક પરિવર્તનો થતાં રહે છે. સમાજમાં થતાં પરિવર્તનને સામાજિક પરિવર્તન કહે છે. પરિવર્તનની જેમ સામાજિક પરિવર્તન પણ સતત હોય છે. પ્રત્યેક સમાજ સતત આ રીતે ચાલતું આવું પરિવર્તનનું સ્વરૂપ હંમેશા એક જેવું હોતું નથી. જેમકે પરિવર્તન ઘણી વખત વ્યકત રૂપમાં હોય છે. કે તેના સ્ત્રોતનું નિર્ધારણ કરવું મુશ્કેલ બને છે. આ રીતે પરિવર્તનની ગતિ ઘણી વખત બહું તીવ્ર

હોય છે અને ઘણી વખત મંદ પરિવર્તન હોય છે. મંદ પરિવર્તન સમાજને ઉદીપ્ત કરે છે. વળી, કયારેક સમાજને ભીતરથી જ ઉતેજે છે. આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ના ફળસ્વરૂપ પરિવર્તનની ગતિ નહી, પરંતુ પ્રભાવક્ષેત્ર પણ અત્યંત વ્યાપક થતું જાય છે.

"મેકાઈવર"ના જણાવ્યા અનુસાર સમાજ સામાજિક સંબંધોની પ્રક્રિયા છે. સામાજિક સંબંધો સ્થિર નથી પણ તે સતત પરિવર્તનશીલ હોવાથી સમાજમાં પણ સતત અને અવિરત પરિવર્તનો આવે છે. આ રીતે સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તન સ્વયંજનિત તેમજ આયોજિત પ્રક્રિયા તરીકે જોવા મળે છે.

દરેક મનુષ્ય કોઈને કોઈ પરિવર્તન ઝંખે છે. આજના માનવી રહેઠાણના સંદર્ભમાં જોઈએ તો ગ્રામ્યમાંથી શહેરીકરણમાં વસવાટ કરતો થઈ ગયો પોતાના આર્થિક ઉપાર્જનમાં ધંધો, નોકરી માટે આમ કોઈને કોઈ પરિવર્તન સૂચવે છે. એટલા માટે પ્રસ્તુત સંશોધન "કૉલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો એક સમાજલક્ષી મનોવૈજ્ઞાનિક અભ્યાસ" કરવાનો છે.

**હેતુ :–**

આ સંશોધનનો ઉદેશ્ય કૉલેજના ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરવાનો છે.

**ઉત્કલ્પના :–**

આ સંશોધનનો હેતુ કૉલેજના ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન અંગે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

**સંશોધન પદ્ધતિ :–**

(૧) પરિવર્ત્યો :–

- સ્વતંત્ર પરિવર્ત્ય
- અભ્યાસ કક્ષા (કૉલેજના વિદ્યાર્થીઓ)
- રહેઠાણ (ગ્રામ્ય અને શહેરી) સંશોધનનો

પરિવર્ત્યો :

વિદ્યાર્થીઓનાં પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંકોનો અભ્યાસ.

નિદર્શ :

આ સંશોધનમાં જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કૉલેજના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં ૫૦ વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના અને ૫૦ વિદ્યાર્થીઓ શહેરી વિસ્તારના પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધનના સાધનો :–**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ કૉલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરવાનો હોવાથી તેમની પાસેથી માહિતી એકત્રિત કરવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**વ્યક્તિગત માહિતી પત્રક :–**

અહીં કૉલેજના વિદ્યાર્થીઓમાં  સામાજિક પરિવર્તન જાણવા માટે  વ્યક્તિગત  માહિતી પત્રક  તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં જાતિ, નામ, રહેઠાણનો  પ્રકાર, અભ્યાસ, કોલેજનું નામ વગેરે બાબતોનો અભ્યાસ  કરવામાં આવ્યો હતો.

**સામાજિક પરિવર્તન સંશોધનિકા :–**

પ્રસ્તુત સંશોધનના હેતુને  ધ્યાનમાં રાખીને  કોલેજના વિદ્યાર્થીઓમાં  સામાજિક પરિવર્તનનું પ્રમાણ  જાણવા માટે  ડૉ. રમા તિવારી (આગ્રા), કુ. રોમા પાલ, કુ. રાજાની સામાજિક પરિવર્તનની સંશોધનિકાનો ઉપયોગ  કરવામાં આવ્યો હતો.

**આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ :–**

પ્રસ્તુત સંશોધન કૉલેજના  વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરવા માટે 't' કસોટીનો  ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પરિણામ અને ચર્ચા :–**

પ્રસ્તુત સંશોધનનો ઉદેશ્ય કોલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન અંગેનો અભ્યાસ કરવાનો હતો. જેનાં સંદર્ભમાં  પરિણામનું વિશ્લેષણ નીચે મુજબ છે.

– કોલેજના વિદ્યાર્થીઓમાં રહેઠાણના સંદર્ભમાં સામાજિક પરિવર્તનનો અભ્યાસ.

– કોલેજના વિદ્યાર્થીઓમાં રહેઠાણના આધારે  બે વિભાગમાં આવ્યા હતા.

(૧) ગ્રામ્ય કોલેજના વિદ્યાર્થીઓ

(૨) શહેરી કોલેજના વિદ્યાર્થીઓ

તેમના  સામાજિક પરિવર્તનના અભ્યાસમાં  સાર્થક તફાવત છે કે કેમ તેની  ચકાસણી કરવા માટે  નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કોલેજના વિદ્યાર્થીઓમાં સમાજિક પરિર્વન અંગે સાર્થક તફાવત  જોવા મળશે નહીં.

**કોષ્ટક નં. ૧**

**કોલેજના વિદ્યાર્થીઓમાં રહેઠાણના સંદર્ભમાં સમાજિક પરિવર્તનનું**

**'t' મૂલ્ય  દર્શાવતું કોષ્ટક**

| ÊD | ZOpF6 IJ:TFZ | N | Mean | SD | SEM. | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | UFdl | 25 | 22.48 | 4.05 | 0.81 | 4.00 | 0.01 |
| 2 | XOZL | 25 | 21.16 | 3.81 | 0.76 | | |

0.05 = 2.02
0.01 = 2.69

ઉપરોકત કોષ્ટકમાં ઉત્કલ્પના નં. 1 કોલેજના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં પ્રાપ્તાંકોનો મધ્યક 22.48 અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો પ્રાપ્તાંક 21.16 જોવા મળ્યો હતો. તેમની વચ્ચેનું 't' મૂલ્ય 4.00 જોવા મળ્યું હતું અને 0.05 કક્ષાએ સાર્થકતા ધરાવે છે તેથી ઉત્કલ્પના નં. 1 નો અસ્વીકાર થયો છે. એ તારણ તારવવામાં આવે છે કે કોલેજના વિદ્યાર્થીઓમાં સમાજિક પરિવર્તનની અસર જોવા મળે છે.

**તારણ :–**

કોલેજના વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તનના સંદર્ભમાં સાર્થકતા જોવા મળે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભસૂચિ :–**


– ત્રિવેદી, નલિની કિશોર, ''સામાજિક પરિવર્તન''માં ઠાકર ધીરુભાઈ (સંપાદક) ગુજરાતી વિશ્વકોશ.

– શાહ એમ.યુ., દવે જગદીશ (જાન્યુઆરી–૨૦૦૧), ''આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન''

– ''શૈક્ષણિક સંશોધન'', ડૉ. દીપીકા ભદ્રેશ શાહ.